તા.૧/૧/૨૦૧૯થી રાજયના બાકી વિસ્તારોમાં તમામ એ.પી.એલ. કાર્ડધારકોને પી.ડી.એસ. કેરોસીન વિતરણ બંધ કરવા અંગે.

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બ્રા.નો વિભાગ
પરિપત્ર ક્રમાંક:કસન/૧૦૨૦૧૮/૨૬૪૪૮૧/બ
૧૪, સરદારભવન, ૫ મો માળ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૦/૧૧/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) નિયામક અન્ન, નાગરિક પુરવઠાની કચેરીનો નો પત્ર ક: અતલ/કસન/પીડીએસ /ફા.ક્ર.૩૭૩/૨૦૧૮, તા.૩/૧૦/૨૦૧૮.

(૨) આ વિભાગનો સરખા ક્રમાંકનો પરિપત્ર તા.૧૦/૦૫/૨૦૧૮.

પરિપત્ર :-

અંત્યોદય/બીપીએલ કેરોસીન મળવાપત્ર કુટુંબોને સબસીડીના ધોરણે ગેસ જોડાણ આપવા માટે વિભાગે તા.૨૬/૪/૨૦૧૮ના ઠરાવથી ક્રમાંકઃ એલપીજી/૧૦૨૦૧૮/૧૬/બ થી પીએનજી/એલપીજી સહાય યોજના તા.૧ લી મે,૨૦૧૮થી અમલમાં મૂકેલ છે. આ યોજનાના પ્રથમ તબકકામાં રાજયની આઠ મહાનગરપાલિકા હેઠળનો શહેરી વિસ્તાર, જિલ્લાના મુખ્યમથક (શહેરી વિસ્તાર) તથા સમગ્ર નવસારી જિલ્લાના બીપીએલ તથા અંત્યોદય કેરોસીન કાર્ડધારકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

પીએનજી/એલપીજી સહાય યોજનાના બીજા તબકકામાં રાજયની તમામ નગરપાલિકાઓનો વિસ્તાર તેમજ દાહોદ અને નર્મદા જિલ્લાનો સંપૂર્ણ વિસ્તારનો સમાવેશ કરી વિસ્તારમાં બાકી રહેતા લાયક બીપીએલ કેરોસીનપાત્ર લાભાર્થીઓને આ યોજના હેઠળ એલપીજી/પીએનજી ગેસ જોડાણ આપવા અનુમતિ આપવામાં આવેલ છે. તદઉપરાંત પીએનજી માટે સમગ્ર ગુજરાત રાજયના (શહેરી અને ગ્રામીણ) વિસ્તારમાં બાકી રહેતા લાયક બીપીએલ કેરોસીન કાર્ડધારકોને આ યોજના હેઠળ પીએનજી ગેસ જોડાણ આપવા અનુમતિ આપવામાં આવેલ છે. ઉપર્યુકત અનુમતિ વિભાગના તા.૨/૧૧/૧૮ના ઠરાવ ક્રમાંકઃ એલપીજી/૧૦૨૦૧૮/૧૬/બ થી આપવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત લાભાર્થીઓને પીએનજી/એલપીજી ગેસ જોડાણ જે તે ઓઇલ કંપની/પીએનજી કંપની દ્વારા છુટુ (Release) કરવામાં આવે તે માટે રાજય સરકાર દ્વારા સબંધિત કંપનીને પ્રતિ જોડાણ રૂા.૧૬૦૦/- ના ચુકવણા કરવા માટેની કાર્યપધ્ધતિ વિભાગના તા.૪/૫/૨૦૧૮ના ઠરાવક્રમાંકઃ એલપીજી/૧૦૨૦૧૮/૧૬/(પાર્ટફાઇલ)/બ થી નિયત કરવામાં આવેલ છે.

એપીએલ કાર્ડધારકો પીએનજી/એલપીજી કનેકશન ન ધરાવતા હોય અને પીએનજી/એલપીજી કનેકશન સ્વખર્ચે મેળવીલે તે માટે પ્રથમ તબક્કામાં એપીએલ કેટેગરીના કેરોસીન રેશનકાર્ડ ધારકોને રાજયની આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૧/૯/૨૦૧૮ અને બીજા તબક્કામાં તમામ જિલ્લા મુખ્યમથકો વિસ્તારમાં એપીએલ કેરોસીન રેશનકાર્ડ ધારકોને તા.૧/૧૨/૨૦૧૮થી પીડીએસ કેરોસીન આપવાનું બંધ કરવા નિર્ણય તા.૧૦/૫/૨૦૧૮ના સમાન ક્રમાંકના પરિપત્રથી લેવાયેલ હતો.ગુજરાત રાજયને કેરોસીન મુકત બનાવવાના અભિગમ ધ્યાને લઇને તા.૧/૧/૨૦૧૯થી રાજયના બાકી વિસ્તારોમાં તમામ એપીએલ કાર્ડધારકોને કેરોસીન બંધ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

(૧) પુખ્ત વિચારણાના અંતે ગુજરાત રાજયને કેરોસીન મુકત બનાવવાના અભિગમ ધ્યાને લઇને હવે તા.૧/૧/૨૦૧૯થી રાજયના બાકી વિસ્તારોમાં તમામ એપીએલ (APL) કાર્ડધારકોને પીડીએસ કેરોસીન વિતરણ બંધ કરવા નિર્ણય કરવામાં આવે છે.

(૨) બી.પી.એલ અને એ.એ.વાય કાર્ડધારકોને કેરોસીન વિતરણ ચાલૂ રહેશે.

(3) નવેમ્બર-ડીસેમ્બર – ૨૦૧૮ની રીસીટમાં (Receipt) પણ આ નિર્ણયની જાણ તમામ એપીએલ (APL) કાર્ડધારકોને કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અચલ સોની)
ઉપસચિવ.
અ.ના.પુ અને ગ્રા.બા.નો વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન., મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર
- સર્વે કલેક્ટરશ્રી,
- સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ/ અન્ન નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ.
- સ્ટેટ લેવલ કો-ઓર્ડિનેટરશ્રી, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ઈન્ડિયન ઓઈલ ભવન,૨૦૫, સોલા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-3૮૦૦૬૦.
- સીનીયર રીજીયોનલ મેનેજર, હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લી. પેટ્રોલીયમ હાઉસ, સોનીપુર ચાર રસ્તા, મુ.પો.સરઢવ, જિ. ગાંધીનગર.

- ટેરીટેરી મેનેજર, ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લી, ગોલ્ડન ટ્રાયેન્ગલ, નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯.
- ચીફ એક્ઝી. ઓફિસરશ્રી, ગુજરાત ગેસ, શાંતિ સદન સોસાયટી પરીમલ ક્રોસિંગ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ.
- સર્વે અધિકારીશ્રીઓ, સર્વે શાખાઓ, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા. બા. વિભાગ, ઠરાવની વિગતો ઓનલાઈન મૂકવા સારું.
- સિલેક્ટ ફાઈલ